જા. નં. ७५/કુ.સ.કા/બો.મે./૨૦૨૩-૨૪

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## બૉર્ડ ઑફ મેનેજમેન્ટ (DU) 8/2023-24 તા. 29-11-2023

## બેઠકનોંધ

ગૂજરાત વિદ્યાપીઠની બૉર્ડ ઑફ મેનેજમેન્ટની વર્ષ 2023-24ની આઠમી બેઠક તા. 29-11-2023 ને બુધવારે સવારે 10-00 વાગ્યે સમિતિ કક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આદરણીય કુલનાયકશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા :

૧. ડૉ. ભરતભાઈ જોશી : કુલનાયકશ્રી અને પ્રમુખશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ
૨. ડૉ. નવીનચંદ્ર શેઠ : કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ
૩. શ્રી દિલીપભાઈ ઠાકર : સભ્ય અને ટ્રસ્ટીશ્રી
૪. ડૉ. હર્ષદભાઈ એ. પટેલ : સભ્ય અને ટ્રસ્ટીશ્રી
૫. ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય : સભ્યશ્રી
૬. ડૉ. પ્રેમ આનંદ મિશ્ર : સભ્યશ્રી તથા ડીનશ્રી, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ
૭. ડૉ. જગદીશચંદ્ર સાવલિયા : સભ્યશ્રી તથા ડીનશ્રી, શા.શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા
૮. ડૉ. નિખિલભાઈ ભટ્ટ : કા. કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ

ટ્રસ્ટીશ્રી તથા સભ્યશ્રી ડૉ. કનુભાઈ નાયક તથા શ્રી વિશાલભાઈ ભાદાણીએ બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ફોન/-ઈ-મેઈલથી જાણ કરી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-1 : તા. 17-10-2023ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલવારીનોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-1: તા. 17-10-2023ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું તથા અમલવારીનોંધને ધ્યાને લેવામાં આવી.

કાર્ય-2 : તા. 17-10-2023ના રોજ મળેલી બેઠકના ઠરાવ-1 મુજબ છાત્રાલય વ્યવસ્થા અમદાવાદમાં ગોઠવવા અંગેની શક્યતા ચકાસવાની સમિતિના અહેવાલ અંગે.

ઠરાવ-2 : તા. 17-10-2023ના રોજ મળેલી બેઠકના ઠરાવ-1 મુજબ છાત્રાલય વ્યવસ્થા અમદાવાદમાં ગોઠવવા અંગેની શક્યતા ચકાસવાની સમિતિના અહેવાલની અમલવારી કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 : Establishment and Administration Rules, 2023 (with amendments)માં સુધારણા બાબત.

ઠરાવ-3 : Establishment and Administration Rules, 2023 (with amendments)માં સૂચવવામાં આવેલ સુધારા મંજૂર કરવામાં આવ્યા અને સુધારેલું જાહેરનામું પ્રસિદ્ધ કરવું તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 : બાળશિક્ષણ ભથ્થાં બાબતે ખાતાકીય તપાસનાં કિસ્સામાં નિર્ણય બાબત.

ઠરાવ-4 : બાળશિક્ષણ ભથ્થાં બાબતે ખાતાકીય તપાસનાં કિસ્સાના નિર્ણય બાબતે એપોઈન્ટીંગ ઓથોરિટી નિયમાનુસાર નિર્ણય કરે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 : તા.૧૭-૧૦-૨૦૨૨ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં ઠરાવ ૨૩.૪ અન્વયે મંજૂર થયેલી Extra Ordinary Leaveમાં વધારો કરવાની રજૂઆત અંગે નિર્ણય અર્થે.

ઠરાવ-5 : તા.૧૭-૧૦-૨૦૨૨ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં ઠરાવ ૨૩.૪ અન્વયે મંજૂર થયેલી Extra Ordinary Leaveમાં વધારો કરવાની શ્રી જિતેન્દ્રભાઈ ઢેબરીયાની વિનંતી અન્વયે તેમણે તા. ૦૧-૦૪-૨૦૨૪ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે તેમની ફરજ ઉપર હાજર થવાનું રહેશે અન્યથા તેમણે તા. ૧૮-૦૯-૨૦૨૨નાં રોજ આપેલ રાજીનામું ગ્રાહ્ય રાખી ગૂજરાત વિદ્યાપીઠની સેવામાંથી મુક્ત કરવામાં આવશે તે શરતે તેમની તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધી Extra Ordinary Leave (Leave Without Pay) લંબાવવા મંજૂરી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 : ગૂજરાત વિદ્યાપીઠ (ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી)માં નવી પેન્શન યોજના (New Pension Scheme-NPS)માં નિયુકત થયેલ કર્મચારીઓ માટે Payment of Gratuity Act,1972 લાગુ કરવા અને નવી પેન્શન યોજના (New Pension Scheme-NPS)માં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજયુઈટી ચૂકવવાનાં નિર્ણય બાબત.

ઠરાવ-6 : ગૂજરાત વિદ્યાપીઠ (ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી)માં નવી પેન્શન યોજના (New Pension Scheme-NPS)માં નિયુકત થયેલ કર્મચારીઓ માટે Payment of Gratuity Act,1972 લાગુ કરવા ઠરાવવામાં આવે છે તથા નવી પેન્શન યોજના (New Pension Scheme-NPS)માં નિવૃત થયેલ કર્મચારીઓને યુ.જી.સી ગ્રાન્ટ મળ્યે ગ્રેજયુઈટીની ચૂકવણી કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-7 : નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલ LPA No. 30 of 2015મા સેટલમેંટની દરખાસ્ત અંગે વિચારણા બાબત.

ઠરાવ-7: નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલ LPA No. 30 of 2015મા સેટલમેંટની શ્રી પીયૂષભાઈ શાહ દ્વારા તા. ૧૦-૧૦-૨૦૨૩ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તની ચર્ચા કરવામાં આવી. ચર્ચાનાં અંતે LPA No. 30 of 2015મા નામદાર ગુજરાત હાઈકોર્ટનો જે ચુકાદો આવે તે મુજબ અનુસરવું તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૮ : HIGH COURT OF GUJARAT, AHMEDABAD, R/LETTERS PATENT APPEAL NO. 203 of 2022, In R/SPECIAL CIVIL APPLICATION NO. 4500 of 2014 બાબત.

ઠરાવ-૮ : HIGH COURT OF GUJARAT, AHMEDABAD, R/LETTERS PATENT APPEAL NO. 203 of 2022, In R/SPECIAL CIVIL APPLICATION NO. 4500 of 2014 બાબતે શ્રી બચુભાઈ બરંડાને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પ્રમાણે ચૂકવણી કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૯ : UGC Office Memorandum F. No.3-1/2023 (Admin-1/A&B) Comp. No.134679 dated 07.11.2023 અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી અને તેની બહાલી અર્થે.

ઠરાવ-૯: UGC Office Memorandum F. No.3-1/2023 (Admin-1/A&B) Comp. No.134679 dated 07.11.2023 અન્વયે કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવી.

કાર્ય-10 : Empanelled Training Institutes સેલના સેન્ટ્રલ નૉડલ એકાઉન્ટના હિસાબી કામકાજ માટે એસ.બી.આઈ.ની આશ્રમ રોડ બ્રાન્ચમાં ખાતું ખોલાવ્યા અંગેના પરિપત્રિત ઠરાવને બહાલી આપવા અંગે.

ઠરાવ-10 : Empanelled Training Institutes સેલના સેન્ટ્રલ નૉડલ એકાઉન્ટના હિસાબી કામકાજ માટે એસ.બી.આઈ.ની આશ્રમ રોડ બ્રાન્ચમાં ખાતું ખોલાવ્યા અંગેના પરિપત્રિત ઠરાવને બહાલી આપવામાં આવી.

કાર્ય-11 : કર્મચારીઓની નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ વગેરેની નોંધ લેવા બાબત

કર્મચારીઓની નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ વગેરેની નોંધ લેવામાં આવી.

કાર્ય-12 : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલીની મૂળ જગ્યા પર વાહન ચાલકને પુન: મૂકવા બાબત

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલીની મૂળ જગ્યા પર વાહન ચાલકને પુન: મૂકવા બાબતને ધ્યાને લેવામાં આવી.

**પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થયેલ કાર્ય :**

કાર્ય-1 : મદદનીશ કુલસચિવ ડૉ. ધારકકુમાર પટેલનાં ધારણાધિકાર-Lien સહ ફરજમુક્તિને બહાલી આપવા બાબત.

ઠરાવ-1: મદદનીશ કુલસચિવ ડૉ. ધારકકુમાર પટેલનાં મંજૂર થયેલ ધારણાધિકાર-Lien સહ ફરજમુક્તિને ભારત સરકાર/યુ.જી.સી.ના નિયમોને આધીન બહાલી આપવામાં આવી.

બેઠકના અંતે સૌનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

તા. ૨૯-૧૧-૨૦૨૩

(ડૉ. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ